VALUABLE EXPERIENCE GT 35 YEARS GUJARAT TODAY

લીડર, નિષ્પક્ષ, નિ:સ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સત્યપ્રદ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY

Ahmedabad

07-DEC-2025 SUNDAY

www.gujarattoday.in

GUJARAT TODAY

# હુરૂન ઈન્ડિયા તરફથી સુરતના રિચેસ્ટમેન અને કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો.ફારૂક પટેલને મળ્યો સ્ટાર ઓફ ગુજરાતનો એવોર્ડ

સુરત, તા.૬

હુરૂન ઈન્ડિયા તરફથી સુરતના સૌથી ધનિક વ્યક્તિ અને કેપી ગ્રુપના ચેરમેન - એમડી ડો.ફારૂક પટેલને સ્ટાર ઓફ ગુજરાતનો એવોર્ડ મળ્યો છે. અમદાવાદની લા-મેરિડિયન હોટલમાં યોજાયેલા કાર્યક્રમમાં તેમને આ સન્માન મળ્યું હતું.

ડો.ફારૂકને હાલમાં જ હુરૂન ઈન્ડિયાની રિચ લિસ્ટ ૨૦૨૫માં સ્થાન મળ્યું છે અને તેઓએ સુરતના સૌથી ધનિક વ્યક્તિ તરીકે નામના મેળવી છે. ડો.ફારૂકની રિન્યુએબલ એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટમાં કામ કરતી ત્રણ કંપની સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે અને તેઓ ૨૦ હજાર કરોડથી વધુનું બિઝનેસ એમ્પાયર ધરાવે છે. ડો.ફારૂક માનવતા માટે પણ કામ કરે છે. તેઓ અત્યાર સુધી સવાસો કરોડથી વધુ લોકો સુધી સીધી-આડકતરી રીતે પોતાની મદદ પહોંચાડી ચૂક્યા છે. ૧૪,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ સુધી સ્કોલરશીપ સહિતના




વિવિધ એજ્યુકેશન લાભ પહોંચાડી ચૂક્યા છે. તેઓ દિવ્યાંગજનો માટેનું વૃદ્ધાશ્રમ ઝઘડિયા પાસે બનાવી રહ્યાં છે. જેનું ૮૦ ટકા કામ પૂર્ણ થયું છે. અત્યારસુધી મેન્ગ્રુવ્સ સહિત ૬ લાખ જેટલા વૃક્ષો તેઓ વાવી ચૂક્યા છે. ખાસ કરીને તેઓ હેલ્થકેર, હેલ્પિંગ હેન્ડ્સ, એજ્યુકેશન અને પર્યાવરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે.